તા.૩૧/૦૧/૨૦૨૫
સામાન્ય સભા

આજ રોજ તા.૩૧/૦૧/૨૦૨૫ નાં રોજ પલસાણા ગ્રામ પંચાયત તા. પલસાણાની સામાન્ય સભા સરપંચશ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર નાં અધ્યક્ષપણા હેઠળ ગ્રામ પંચાયત કચેરી, પલસાણા ખાતે બપોરે ૧૨-૦૦ કલાકે મળી જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓની હાજરીમાં થયેલ સભાની કાર્યવાહી નોંધ

**હાજર સભ્યો:-**

| | |
|---|---|
| (૧)શ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર | સરપંચશ્રી |
| (૨)શ્રી પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા | ઉપસરપંચશ્રી |
| (૩)શ્રી દેવાંગકુમાર ઇશ્વરભાઇ સોલંકી | સભ્યશ્રી |
| (૪)શ્રીમતી ઇલાબેન ભાણાભાઇ રાઠોડ | સભ્યશ્રી |
| (૫)શ્રી દિવ્યેશકુમાર ચંપકભાઇ ઢીંમર | સભ્યશ્રી |
| (૬)શ્રીમતી કલ્પનાબેન અજયભાઇ પટેલ | સભ્યશ્રી |
| (૭)શ્રીમતી પ્રતિક્ષાબેન મિનેષભાઇ પટેલ | સભ્યશ્રી |
| (૮)શ્રી તેજસકુમાર પંકજભાઇ દેસાઇ | સભ્યશ્રી |

ઉપર મુજબના તમામ હાજર સભ્યશ્રીઓ હાજર રહેતા કોરમ થવાથી સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કામ નં ૧ ગત સભાની કાર્યવાહી વાંચનમાં લેવા બાબત.
ઠરાવનં ૧ આજની સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધનું વિગતવાર વાંચન કરવામાં આવ્યું. ગત સભાની કાર્યવાહી નોંધ કોમ્પ્યુટરાઇઝડ
તમામ સભ્યોને આપવમાં આવેલ છે. ગત સભાની કાર્યવાહી નોંધ યોગ્ય અને બરાબર હોય આજની સભાએ સર્વાનુમતે બહાલી આપવા સર્વાનુમતે
ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં.૨ સભ્યશ્રીઓના રજાના રીપોર્ટ મંજુર કરવા બાબત
ઠરાવ નં.૨ આજ રોજની સભામાં કોઇ સભ્યશ્રીનો રજા રીપોર્ટ આવેલ ના હોય રજા મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩ આવેલ અરજીઓનું વાંચન કરવા બાબત.
ઠરાવનં ૩ આજ રોજ મળેલ સભા સમક્ષ નીચે મુજબની અરજીઓનું વિગતે વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ
અરજીવાર નીચે મુજબના ઠરાવ કરવા નિર્ણયો કર્યા.

કામનં ૩/૧ રદ્દ થી મિલ્કતો નામફેર કરવા માટેની અરજીઓ વાંચને લઇ યોગ્ય નિર્ણયો ઠરાવો કરવા બાબત.
ઠરાવનં ૩/૧ આજ રોજ મળેલ સભા સમક્ષ રદ્દ આધારે નામફેર કરવા આવેલ અરજીઓનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભા ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબના રદ્દ આધારે નામફેર કરવા સર્વાનુમતે ઠરાવે છે.

| અનુ | રદ્દ થી વેચાણ લેનાર | રદ્દ થી વેચનાર | રદ્દ નંબર તારીખ | મિલ્કત નંબર સ્થળ ઓળખ (નવો નંબર) |
|---|---|---|---|---|
| ૧ | વંદના મુકેશકુમાર સવિતા<br>મુકેશકુમાર સવિતા | કિર્તીભાઇ શાંતીલાલ વાઘેલા | ૧૯૦૭<br>તા<br>૧૧/૦૨/૨૦૨૨ | બ્લોકનં ૩૦૫ ગૌરવ ટાઉનશીપ પ્લોટ નં ૪૨ મિ.નં ૧૬૮૨/૫૧(૨૯૮૨) |
| ૨ | કેતનકુમાર ચીમનભાઇ પટેલ | જીતેન્દ્રભાઇ વિનોદભાઇ વાઘાણી<br>દિલીપભાઇ વશરામભાઇ પાંચાણી | ૮૪૩૦<br>તા<br>30/03/૨૦૧૮ | બ્લોક નં ૧૩૭ આર્શીવાદ વિલા પ્લોટ નં ૫૧ ખૂલ્લો પ્લોટ મિ.નં ૨૪૪૬(૬૫૬૯) |
| ૩ | મહેશકુમાર વિનોદકુમાર | ભીખાભાઇ મોતીભાઇ પટેલ<br>રસીકભાઇ શંભુભાઇ કથીરીયા<br>જતીન કનુભાઇ ભંડેરી<br>સતીશકુમાર ભગવાનભાઇ રંગાણી | ૧૧૯૭૭<br>તા.૧૪/૦૯/૨૦૨૨ | બ્લોકનં પ૨૬પૈ૧ યોગીદર્શન સોસા. પ્લોટનં ૮૩+૮૪+૮૫ ફ્લેટનં ૫૦૬ મિ.નં ૨૭૫૬/૩૮(૯૪૯૮) |
| ૪ | ટીના ગોપાલ લાલ<br>ગોપાલ લાલ શંકર લાલ | જયેશભાઇ બાબુભાઇ દેસાઇ | ૪૨૬<br>તા.૧૦/૦૧/૨૦૨૫ | બ્લોકનં ૩૦૫ ગૌરવ ટાઉનશીપ મિ.નં મકાન ૧૬૮૨/૭૨ (૩૦૦૫) |
| ૫ | બ્રિજભુશન રામખેલાવન | મરીયમબીબી રહીમખાન શેખ | ૮૨૫<br>તા.૨૨/૦૧/૨૦૨૫ | બ્લોકનં ૩૦૫ ગૌરવ ટાઉનશીપ મિ.નં મકાન ૧૬૮૨/૮૬ (૩૦૨૦) |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | અરવિંદભાઇ સીતારામ મહેશ્વરી | વેકરીયા વિનુભાઇ પરબતભાઇ<br>સોળીયા રાજેશભાઇ પરબતભાઇ<br>વાડદોરીયા પરેશભાઇ મનસુખભાઇ | ૧૦૯૪૦<br>તા:૧૯/૦૧/૨૦૧૫ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૧૨૧ થી ૧૨૩ નિલકંઠ રેસીડેન્સી, ફ્લેટનં ૨૦૫, મિ.નં ૧૯૪૨/૧૮ (૪૪૭૫) |
| ૭ | સુનીતા અરવિંદ મહેશ્વરી<br>અરવિંદ સીતારામ મહેશ્વરી | દિલીપભાઇ ગોરધનભાઇ<br>ધીરૂભાઇ પરસોત્તમભાઇ<br>રાજેશભાઇ પરબતભાઇ<br>પરેશભાઇ મનસુખભાઇ | ૧૭૪૯૭<br>તા.૨૯/૮/૨૦૧૮ | બ્લોકનં ૫૨૬/પૈકી૧ યોગીદર્શન સોસાયટી, પ્લોટનં ૪૮ થી ૫૦ ફ્લેટનં ૨૧૦ મિ.નં ૨૬૨૧/૨૮(૭૧૧૮) |
| ૮ | કેશવાણી પિન્ટુ સુલતાનઅલી | મલેક જેનબ મહમદ અલ્તાફ | ૩૨૫૦<br>તા ૧૮/૩/૨૦૨૪ | બ્લોકનં ૫૮૫/બ/૨ પ્રવેશ રેસીડેન્સી બી પ્લોટનં ૧-૨, દુકાન રૂમો મિ.નં ૩૭૦૮/૧ થી ૩૭૦૮/૧૬ (૧૩૯૬૫ થી ૧૩૯૮૦) |
| ૯ | ભુપેન્દ્રભાઇ ભીખુભાઇ નાયક | મિતેષભાઇ બચુભાઇ નાયક<br>તૃપ્તીબેન મિતેષભાઇ નાયક | ૫૩૬<br>તા<br>૧૫/૦૧/૨૦૨૫ | ગામતળ ડી.બેંક પાછળ મકાન મિ.નં ૧૬૯ (૨૮૦) |
| ૧૦ | શેખ મોહમદહનીફ મોહમદહારૂન | દક્ષાબેન ડાહ્યાભાઇ ઢીંમર<br>સત્યમકુમાર ડાહ્યાભાઇ ઢીંમર<br>પ્રિતેશકુમાર ડાહ્યાભાઇ ઢીંમર | ૧૧૧૫<br>તા<br>૨૯/૦૧/૨૦૨૫ | બ્લોકનં ૫૩૪ પૈકી પ્લોટનં ૨થીપ ગ્રા.ફ્લોર દુકાનનં ૧૧ મિ.નં ૩૬૯૦/૧૧ (૧૩૬૭૭) |
| ૧૧ | બનવારીલાલ રામપ્રસાદ શર્મા | અશોકભાઇ જયશંકર ત્રિવેદી | ૭૬૮૬<br>તા.૧૩/૦૭/૨૦૧૫ | બ્લોકનં ૩૦૫ ગૌરવ ટાઉનશીપ મિ.નં મકાન ૧૬૮૨/૬૦(૨૯૯૨) |
| ૧૨ | ઉર્વશીબેન પ્રદિપભાઇ સોંલકી<br>વિશાલ પ્રદિપભાઇ સોંલકી | કિશોરભાઇ નવલભાઇ ગોંડલીયા<br>હિતેશભાઇ ભીખાભાઇ વઘાસીયા | ૧૨૯૬૪<br>તા<br>૩૧/૦૮/૨૦૧૯ | બ્લોક નં ૪૦ કનકશ્રી રેસીડેન્સી, શ્યામ પેલેસ બીજો માળ ફ્લેટ નં ૨૦૬ મિલ્કત નં ૨૭૫૫/૧૭(૯૪૪૦) |
| ૧૩ | શેખ મોહમદહનીફ મોહમદહારૂન | દક્ષાબેન ડાહ્યાભાઇ ઢીંમર<br>સત્યમકુમાર ડાહ્યાભાઇ ઢીંમર<br>પ્રિતેશકુમાર ડાહ્યાભાઇ ઢીંમર | ૧૧૧૪<br>તા<br>૨૯/૦૧/૨૦૨૫ | બ્લોકનં ૫૩૪ પૈકી પ્લોટનં ૨થીપ ગ્રા.ફ્લોર દુકાનનં ૧૦ મિ.નં ૩૬૯૦/૧૦ (૧૩૬૭૬) |
| ૧૪ | સુષમા લખન જાધવ<br>લખન સંતોષ જાધવ | વર્ષાબેન અનિલકુમાર મોદી<br>હાર્દિક અનિલકુમાર મોદી<br>ચિંતન અનિલકુમાર મોદી | ૫૬૭<br>તા.૧૬/૦૧/૨૦૨૫ | બ્લોકનં ૩૦૫ ગૌરવ ટાઉનશીપ પ્લોટનં ૭૯ મિ.નં મકાન ૧૮૨૫ (૩૮૫૬) |
| ૧૫ | દયારામ રાગુબર મૌર્યા | ગીરીશભાઇ ગોરધનભાઇ ટીબડીયા,<br>ભૌતિક પ્રવિણભાઇ વેકરીયા | ૫૨૨૫<br>તા:૧૦/૦૪/૨૦૨૩ | બ્લોકનં ૫૨૬પૈકી૧ યોગીદર્શન સોસા પ્લોટનં ૪૪થી૪૭ શિવમ રેસીડેન્સી દુકાનનં ૫.મિ.નં ૩૩૨૫/૫ (૧૧૨૩૬) |
| ૧૬ | ડૉ. સુધીર મનજીભાઇ પટેલ | હિતેન અશ્વિનભાઇ શાહ | ૧૧૦૮૮<br>તા:૧૧/૧૦/૨૦૨૪ | બ્લોકનં ૧૬૨ અવધ કિમ્બર્લી પ્લોટનં ૧૨૭ મકાનનં ૧૯૩ મિ.નં ૩૦૫૦ (૧૦૨૬૯) |
| ૧૭ | અરવિંદભાઇ બાલુભાઇ પટેલ<br>શાંતાબેન અરવિંદભાઇ પટેલ | સોહનલાલ બાલુરામ કલાલ | ૯૦૪૧<br>તા<br>૧૯/૦૬/૨૦૨૩ | બ્લોકનં ૫૦૮ પ્લોટનં ૨૯+૩૦ દુકાન/રૂમો મિ.નં ૩૫૯૮/૧ થી ૩૫૯૮/૩૨ (૧૨૮૯૭ થી ૧૨૯૨૮) |

આમ, ઉપરોક્ત મુજબના ર૬દ આધારે દફતરે ફેરફાર કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૨ શ્રી અબ્દુલ રસીદ મો.શફી ભાણા વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી અબ્દુલ રસીદ મો.શફી ભાણા વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૭૬ પૈકી વાળી જમીનમાં અબ્દુલ રસીદ મો.શફી ભાણા, સીદીક સુલેમાન પટેલ, ઇસ્માઇલ સુલેમાન પટેલ એ દસ્તાવેજ નંબર ૩૫૧૯/૨૦૧૧ તા ૧૦/૧૦/૨૦૧૧ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ રૂમો બનાવેલ જેની આકારણી ગ્રામ પંચાયત દફતરે મિલકત નંબર ૧૭૯૧/૧થી૨૦ થી થયેલ જે રૂમો તોડી અરજદારે દુકાનો બનાવેલ છે જેની આકારણી કરવા અરજ કરેલ છે. જેથી સદર મિલકત નંબર રદ કરી નવી આકારણી નવા મિલકત નંબર થી કરવાની થાય છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફલોર પર ૧૪ દુકાન અને પ્રથમમાળે ૧૪ દુકાનનું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ એક દુકાનની આકારણી ૧૦૦૦૦૦/- લેખે કુલ ૨૮ દુકાનો ની કુલ આકારણી રૂા.૨૮,૦૦,૦૦૦/- કરવા અને ૨૮ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૩ શ્રી સવિતાબેન ધીરૂભાઇ પટેલ વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૩ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સવિતાબેન ધીરૂભાઇ પટેલ વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૭૦૫+૭૦૬+૭૨૧+૭૨૩ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૨૮ સવિતાબેન ધીરૂભાઇ પટેલ, પુષ્પાબેન જગદીશભાઇ પટેલ, ચેતનાબેન કિશોરભાઇ પટેલ એ દસ્તાવેજ નંબર ૧૨૦૧૪/૨૦૨૩ તા ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. જે બિલ્ડીંગ નું નામ ધર્મેશ એપાર્ટમેન્ટ આપેલ છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારૂપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફલોર પર ૧ દુકાન અને ૬ રૂમ, પ્રથમમાળે ૭ રૂમ તથા બીજામાળે ૭ રૂમ તથા ત્રીજામાળે ૭ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ એક દુકાનની આકારણી ૧૦૦૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૨૮ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૪,૫૦,૦૦૦/- કરવા અને ૨૮ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૪ શ્રી સુમિત્રા નરેશભાઇ નિસરતા વિગેરે ની અરજી.

ઠરાવનં ૩/૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સુમિત્રા નરેશભાઇ નિસરતા વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૩૦૯ માં પ્લોટનં ૭૫ ની ખુલ્લા પ્લોટ ની આકારણી ગ્રા.પં દફતરે મિલકત નંબર ૨૧૭૪(૫૩૧૨) થી થયેલ છે. જે .શ્રી સુમિત્રા નરેશભાઇ નિસરતા અને નરેશભાઇ ધીરાભાઇ નિસરતા એ મનિષભાઇ ઇશ્વરભાઇ દુધાત વિગેરે પાસેથી ર.નં ૪૨૦/૨૦૨૫ થી વેચાણ રાખી તેમાં મકાન બનાવેલ છે.જેની મકાન સાથેની આકારણી માટે અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા ઉઘરાવવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ ૨૯દ ના આધારે નામમાં ફેરફાર કરી મિલકતના વર્ણન માં ખુલ્લા પ્લોટની જગ્યાએ મકાન કરી તેની આકારણી રૂા. ૨,૫૦,૦૦૦/- કરવા સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૫ શ્રી જગમાલ હરદાસ ભાટુ ની અરજી

ઠરાવનં ૩/૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી જગમાલ હરદાસ ભાટુ ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૨૫૨ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૧૧૪ વાળી જમીન જગમાલ હરદાસ ભાટુ ના ઓ એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૧૧૨૮ તારીખ:૨૯/૦૧/૨૦૨૫ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી ₹.૨૦૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૬ શ્રી દુલારીદેવી મનોજ રવિદાસ વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૬ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી દુલારીદેવી મનોજ રવિદાસ વિગેરે ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૨૫૨ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૪૭ વાળી જમીન ૧.દુલારીદેવી મનોજ રવિદાસ ૨.મનોજ સરગુન રવિદાસ ૩.દિનેશ મનોજ રવિદાસ ના ઓ એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૭૮૮૩ તારીખ:૧૦/૦૭/૨૦૨૪ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી ₹.૨૦૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૭ શ્રી વિજય તુકારામ સાબલે ની અરજી

ઠરાવનં ૩/૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી વિજય તુકારામ સાબલે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૪૦ કનક રેસીડેન્સી વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૧૦૭+૧૦૮ વિજય તુકારામ સાબલે એ દસ્તાવેજ નંબર ૪૯૦/૨૦૨૫ તા ૧૩/૦૧/૨૦૨૫ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ

કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧ દુકાન અને ૬ રૂમ, પ્રથમમાળે ૮ રૂમ તથા બીજામાળે ૮ રૂમ તથા ત્રીજામાળે ૭ રૂમનું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ એક દુકાનની આકારણી ૧૦૦૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૩૦ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૫,૫૦,૦૦૦/- કરવા અને ૩૦ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૮ શ્રી સવિતાબેન ધીરૂભાઇ પટેલ વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સવિતાબેન ધીરૂભાઇ પટેલ વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૭૦૫+૭૦૬+૭૨૧+૭૨૩ વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૨૭ સવિતાબેન ધીરૂભાઇ પટેલ, પુષ્પાબેન જગદીશભાઇ પટેલ, ચેતનાબેન કિશોરભાઇ પટેલ એ દસ્તાવેજ નંબર ૧૨૦૧૩/૨૦૨૩ તા ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. જે બિલ્ડીંગ નું નામ ધર્મેશ એપાર્ટમેન્ટ આપેલ છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારૂપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૭ રૂમ, પ્રથમમાળે ૭ રૂમ તથા બીજામાળે ૭ રૂમ તથા ત્રીજામાળે ૭ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૨૮ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૪,૦૦,૦૦૦/- કરવા અને ૨૮ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૯ શ્રી મથુરભાઇ નારણભાઇ હડીયા ની અરજી

ઠરાવ નં ૩/૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મથુરભાઇ નારણભાઇ હડીયા રહે: સુરત ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૨૫૦ સૂર્યાશી રેસીડેન્સી વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૩૬ મથુરભાઇ નારણભાઇ હડીયા એ દસ્તાવેજ નંબર ૨૯૦/૨૦૨૪ તા ૦૬/૦૧/૨૦૨૪ ના રોજ વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે.. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી રૂ.૧૫૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૧૦ શ્રી મથુરભાઇ નારણભાઇ હડીયા ની અરજી

ઠરાવ નં ૩/૧૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મથુરભાઇ નારણભાઇ હડીયા રહે: સુરત ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૨૫૦ સૂર્યાશી રેસીડેન્સી વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૩૨ મથુરભાઇ નારણભાઇ હડીયા એ દસ્તાવેજ નંબર ૨૯૨/૨૦૨૪ તા ૦૬/૦૧/૨૦૨૪ ના રોજ વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે.. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી રૂ.૧૫૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૧ શ્રી અમર હરેન ભટ્ટ ની અરજી.

ઠરાવનં ૩/૧૧ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી અમર હરેન ભટ્ટ ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૨૮૨(૫૨૩) હરેન જયંતિલાલ ભટ્ટ ના નામે આવેલ છે. જે શ્રી હરેન જયંતિલાલ ભટ્ટ તારીખ:૦૬/૧૨/૨૦૨૪ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ હરેન જયંતિલાલ ભટ્ટ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો બનાવેલ પેઢીનામા મુજબ બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી સીમાબેન હરેનભાઇ ભટ્ટ (પત્ની) હયાત (૨)શ્રી અમર હરેન ભટ્ટ (પુત્ર) હયાત આમ હયાત વારસો ના નામ દાખલ કરવાનું થાય છે. આથી મિલકત નંબર- ૨૮૨(૫૨૩) માં અનુ.નં (૧) થી (૨) હયાત વારસો ના નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ

સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૨ શ્રી ભીખાભાઇ બાબુભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૧૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ભીખાભાઇ બાબુભાઇ રાઠોડ ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૯૦૮(૧૪૫૪) ગાંડીયો નાથીયો રાઠોડ ના નામે આવેલ છે. જે શ્રી ગાંડીયો નાથીયો રાઠોડ તારીખ:૦૩/૦૪/૧૯૭૭ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ ગાંડીયો નાથીયો રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો બનાવેલ પેઢીનામા મુજબ બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી ભૂલીબેન ગાંડાભાઇ રાઠોડ (પત્ની) મરણ તા ૧૪/૦૯/૧૯૮૨ (૨)શ્રી બાબરભાઇ ગાંડાભાઇ રાઠોડ(પુત્ર) મરણ તા ૨૪/૦૬/૨૦૦૭ નું મરણ હોવાથી તેમના સીધી લીટીના વારસો પેઢીનામા મુજબ (૨.૧)શ્રી ગંગાબેન બાબરભાઇ રાઠોડ (પૌત્રવધુ) મરણ તા ૦૫/૦૬/૨૦૨૪ (૨.૨)શ્રી ભીખાભાઇ બાબુભાઇ રાઠોડ (પૌત્ર) હયાત આમ હયાત વારસો ના નામ દાખલ કરવાનું થાય છે. આથી મિલકત નંબર- ૯૦૮(૧૪૫૪) માં અનુ.નં (૨.૨)શ્રી ભીખાભાઇ બાબુભાઇ રાઠોડ હયાત વારસો ના નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૩ શ્રી જયશ્રીબેન પ્રવિણભાઇ પ્રજાપતિ ની અરજી

ઠરાવનં ૩/૧૩ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી જયશ્રીબેન પ્રવિણભાઇ પ્રજાપતિ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૮૦૫(૧૨૧૫) કે જેમાં અરજદાર નું નામ જયશ્રીબેન ઝીણાભાઇ તે

પ્રવિણ હરગોવન ની પત્ની ચાલે છે. પરંતુ તેમના પુરાવામાં જયશ્રીબેન પ્રવિણભાઇ પ્રજાપતિ નામ ચાલી આવેલ છે. જે સુધારો કરવા માટે અરજ કરેલ છે. અરજદારે રજૂ કરેલ પુરાવા આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ, પાનકાર્ડ માં નામ જયશ્રીબેન પ્રવિણભાઇ પ્રજાપતિ હોય મિલકત નંબર ૮૦૫(૧૨૧૫) માં અરજદાર ના નામમાં સુધારો કરી જયશ્રીબેન પ્રવિણભાઇ પ્રજાપતિ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૪ શ્રી ખતીજા ઉર્ફે ખદીજાબેન દાઉદ ભૈયાત ની અરજી.

ઠરાવનં ૩/૧૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ખતીજા ઉર્ફે ખદીજાબેન દાઉદ ભૈયાત ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૬૬૦(૨૮૮૬) (૧)અબ્દુલ સલામ મહંમદ નૈસાર (૨)ખતીજાબેન દાઉદ ભૈયાત ના નામે આવેલ છે. જે પૈકી અનુ.નં (૧)અબ્દુલ સલામ મહંમદ નૈસાર એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૪૨૮/૨૦૨૫ તા.૨૮/૦૧/૨૦૨૫ - બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી ખતીજાબેન દાઉદ ભૈયાત ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૧૬૬૦(૨૮૮૬) માંથી અનુ.નં (૧) નું નામ કમી કરી સદર મિલ્કત શ્રી ખતીજાબેન દાઉદ ભૈયાત ના નામે કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

“ઠરાવ સર્વાનુમતે મંજુર”

કામનં ૩/૧૫ શ્રી સવિતાબેન દિલીપભાઇ પટેલ ની અરજી.

ઠરાવનં ૩/૧૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સવિતાબેન દિલીપભાઇ પટેલ ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૨૧૦૧(૧૦૬૮૪) દિલીપભાઇ ત્રિભોવનભાઇ પટેલ, અશોકકુમાર રામધની મૌર્યા, હિતેષ બળવંતરાય મોદી, નવીનચંદ્ર મોહનલાલ પટેલ, અરવિંદભાઇ ચતુરભાઇ પટેલ, સિધ્ધાર્થ ભંવરલાલ શાહ ના નામે આવેલ છે. જે શ્રી દિલીપભાઇ ત્રિભોવનદાસ પટેલ તારીખ:૩૧/૧૦/૨૦૨૨ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ દિલીપભાઇ ત્રિભોવનદાસ પટેલ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું (મહેસુલી તલાટી અડાજણ સુરત) દ્વારા બનાવેલ, મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યુ. અને તેમના સીધી લીટીના વારસો બનાવેલ પેઢીનામા મુજબ બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી સવિતાબેન દિલીપભાઇ પટેલ(પત્ની) હયાત (૨)શ્રી પલ્લવકુમાર દિલીપભાઇ પટેલ (પુત્ર) (૩)શ્રી વ્રત દિલીપભાઇ પટેલ (પુત્ર) હયાત આમ હયાત વારસો ના નામ દાખલ કરવાનું થાય છે. આથી મિલકત નંબર- ૨૧૦૧(૧૦૬૮૪) માં અનુ.નં (૧) થી (૩) હયાત વારસો ના નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

“ઠરાવ સર્વાનુમતે મંજુર”

કામનં ૩/૧૬ શ્રી સતિશભાઇ બુધિયાભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૧૬ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સતિશભાઇ બુધિયાભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૬૫૧(૧૦૦૧) બુધિયાભાઇ ભુલાભાઇ રાઠોડ ના નામે આવેલ છે. જે શ્રી બુધિયાભાઇ ભુલાભાઇ રાઠોડ તારીખ:૦૫/૦૨/૨૦૨૦ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ બુધિયાભાઇ ભુલાભાઇ રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા તથા કુસુમબેન કોલાભાઇ ઉર્ફે બુધિયાભાઇ રાઠોડ ની મરણની નોંધણી શરતચૂકથી રહી ગયેલ હોય મરણનું સોગંદનામું રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યુ. અને તેમના સીધી લીટીના વારસો બનાવેલ પેઢીનામા મુજબ બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી કુસુમબેન કોલાભાઇ ઉર્ફે બુધિયાભાઇ રાઠોડ (પત્ની) મરણ તા ૨૧/૦૭/૨૦૧૪ (૨)શ્રી સતિશભાઇ બુધિયાભાઇ રાઠોડ પુત્ર (હયાત) આમ હયાત નું એક નામ દાખલ કરવાનું થાય છે. આથી મિલકત નંબર- ૬૫૧(૧૦૦૧) માં અનુ.નં (૨) હયાત નું નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

“ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૭ શ્રી ઉષાબેન રમેશભાઇ પરમાર ની અરજી.

ઠરાવનં ૩/૧૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ઉષાબેન રમેશભાઇ પરમાર ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૯૨૫(૧૪૮૦) ગીતાબેન મગનભાઇ માહ્યાવંશી, રમેશભાઇ મગનભાઇ માહ્યાવંશી ના નામે આવેલ છે. જે પૈકી રમેશભાઇ મગનભાઇ માહ્યાવંશી તારીખ:૦૭/૦૮/૨૦૦૭ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ રમેશભાઇ મગનભાઇ માહ્યાવંશી નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યુ. અને તેમના સીધી લીટીના વારસો બનાવેલ પેઢીનામા મુજબ બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી ઉષાબેન રમેશભાઇ પરમાર (પત્ની) હયાત (૨)શ્રી રશ્મિબેન રમેશભાઇ પરમાર (પુત્રી) હયાત (૩)શ્રી વિભાબેન રમેશભાઇ પરમાર (પુત્રી) હયાત (૪)શ્રી પલ્લવીબેન રમેશભાઇ માહ્યાવંશી (પુત્રી) હયાત (૫)શ્રી વિશાલકુમાર રમેશભાઇ માહ્યાવંશી (પુત્ર) હયાત આમ પાંચ વારસો ના નામ દાખલ કરવાનું થાય છે. આથી મિલકત નંબર- ૯૨૫(૧૪૮૦) માં અનુ.નં (૧) થી (૫) હયાત વારસોના નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

“ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૮ શ્રી તારાબેન દિનેશભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૧૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી તારાબેન દિનેશભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૩૮૨૮(૧૫૩૩૭) દિનેશભાઇ સોમાભાઇ રાઠોડ ના નામે આવેલ છે. જે દિનેશભાઇ સોમાભાઇ રાઠોડ તારીખ:૦૧/૦૧/૨૦૧૯ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ દિનેશભાઇ સોમાભાઇ રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે.અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યુ. અને તેમના સીધી લીટીના વારસો બનાવેલ પેઢીનામા મુજબ બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી તારાબેન દિનેશભાઇ રાઠોડ (પત્ની) હયાત (૨)શ્રી રાજેશભાઇ દિનેશભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૩)શ્રી નિલેશભાઇ દિનેશભાઇ રાઠોડ (પુત્ર) હયાત (૪)શ્રી ભાવનાબેન દિનેશભાઇ રાઠોડ (પુત્રી) હયાત આમ ચાર વારસો ના નામ દાખલ કરવાના થાય છે. આથી મિલકત નંબર- ૩૮૨૮(૧૫૩૩૭) માં અનુ.નં (૧) થી (૪) હયાત વારસોના નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

“ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૯ શ્રી પટેલ શશિકાન્ત ડાહ્યાભાઇ ની અરજી

ઠરાવનં ૩/૧૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી પટેલ શશિકાન્ત ડાહ્યાભાઇ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૧૩૫૨(૨૦૨૬) કે જેમાં અરજદાર નું નામ શશીકાન્ત ડાહ્યાભાઇ રાઠોડ ચાલે છે. પરંતુ તેમના પુરાવામાં પટેલ શશિકાન્ત ડાહ્યાભાઇ નામ ચાલી આવેલ છે. જે સુધારો કરવા માટે અરજ કરેલ છે. અરજદારે રજૂ કરેલ પુરાવા આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, અરજદારે રજૂ કરેલ સોગંદનામા માં નામ શશિકાન્ત ડાહ્યાભાઇ રાઠોડ હોય મિલકત નંબર ૧૩૫૨(૨૦૨૬) માં અરજદાર ના નામમાં સુધારો કરી શશિકાન્ત ડાહ્યાભાઇ પટેલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૨ ૦ શ્રી ઉમેશભાઇ નરોત્તમભાઇ ઉસદરીયા વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૨૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ઉમેશભાઇ નરોત્તમભાઇ ઉસદરીયા વિગેરે ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૭૪ પૈકી વાળી જમીનમાં પડેલ પ્લોટનં

૮+૯+૧૦+૧૧+૧૨+૧૩+૧૪ ઉમેશભાઇ નરોત્તમભાઇ ઉસદરીયા, વિક્રમભાઇ હરદાસભાઇ નંદાણીયા એ રજીસ્ટર દસ્તાવેજ થી વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ રૂમો બનાવેલ જેની આકારણી ગ્રામ પંચાયત દફતરે મિલકત નંબર ૧૫૬૬/૧થી૧૦, ૧૫૯૨/૧થી૧૦, ૧૫૯૩/૧થી૬ થી થયેલ પરંતુ અરજદારે ગ્રા.ફ્લોર પર ૧૦ દુકાનો નું અને પ્રથમમાળે ૪ રૂમોનું બાંધકામ કરેલ છે. જેની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારૂપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૦ દુકાન અને પ્રથમમાળે ૪ રૂમનું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ એક દુકાનની આકારણી ૧૦૦૦૦૦/- લેખે અને એક રૂમની આકારણી ૫૦૦૦૦/- લેખે કુલ ૧૪ મિલકતો ની કુલ આકારણી રૂા.૧૨,૦૦,૦૦૦/- કરવા અને ૧૪ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૪ આવક જાવકના હિસાબને મંજુર કરવા બાબત.
ઠરાવનં ૪ આજ રોજ મળેલ સભા સમક્ષ માહે ડિસેમ્બર ૨૦૨૪ ના થયેલ આવક જાવકના હિસાબને વંચાણે લેવામાં આવ્યો. સભા સમક્ષ નીચે મુજબ હિસાબો રજુ કરવામાં આવ્યા.

| ૨૦૨૪ ડિસેમ્બર- આવક | | ૨૦૨૪ **ડિસેમ્બર** - જાવક | |
|---|---|---|---|
| આવક સદર | કુલ | જાવક સદર | કુલ |
| ઘરવેરો | ૧૫૭૩૬૨૦.૦૦ | પગાર ખાતે | ૧૨૯૪૪૦.૦૦ |
| જિ.પં કર | ૧૫૭૩૬૩.૦૦ | ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન | ૧૯૦૦૦૦.૦૦ |
| લાઇટવેરો | ૫૮૧૬૦.૦૦ | પાઇપલાઇન સામાન/રીપેરીંગ | ૧૪૬૪૬૩.૦૦ |
| પાણીવેરો | ૧૬૫૦૦.૦૦ | તા.પં કર | ૩૪૭૦૩૩.૦૦ |
| સફાઇવેરો | ૧૨૩૨૩૦.૦૦ | ગ્રામ પંચાયત સ્વભંડોળ વિકાસના કામો | ૨૬૦૪૫૮૦.૦૦ |
| વ્યવસાયવેરો R.C | ૨૩૩૧૪૨૦.૦૦ | જંતુનાશક દવા ખરીદી અને છંટકાવ | ૭૪૦૪૦.૦૦ |
| વ્યવસાયવેરો E.C | ૫૩૦૦.૦૦ | ટેલિફોન બીલ | ૧૦૦૨.૦૦ |
| કેબીન ભાડું | ૨૨૦૦૦.૦૦ | કોમ્પ્યુટર સામાન/રીપેરીંગ | ૧૮૩૦.૦૦ |
| ગટરવેરો | ૫૪૩૫૦.૦૦ | ગ્રામ સફાઇ ખાતે | ૫૧૬૦૦.૦૦ |
| માર્કેટ ભાડું | ૫૮૫૦.૦૦ | ગટર સફાઇ ખાતે | ૬૭૨૦૦.૦૦ |
| તાલુકા પંચાયત કર | ૭૫૧૦૬.૦૦ | લાઇટ બીલ ખાતે | ૩૨૪૪૩૬.૦૦ |
| લગ્ન નોંધણી ફી | ૧૭૦.૦૦ | જી.પં કર | ૭૩૭૪૩૭.૦૦ |
| નકલ ફી | ૨૧૭૨.૦૦ | | |
| એડવાન્સ વેરો | -૧૩૬૩.૦૦ | | |
| જી એસી ટી | ૨૨૯૩૨.૦૦ | | |
| ટી ડી એસ | ૧૧૪૬૬.૦૦ | | |
| લેબર શેષ | ૧૩૫૩૦.૦૦ | | |
| **કુલ** | ૪૪૭૧૮૦૬.૦૦ | **કુલ** | ૪૬૭૫૦૬૧.૦૦ |
| **ઉઘડતી સિલ્લક** | ૨૨૩૬૨૨૧૪.૭૦ | **બંધ સિલ્લક** | ૨૨૧૫૮૯૫૯.૭૦ |
| **કુલ એકંદર** | ૨૬૮૩૪૦૨૦.૭૦ | **કુલ એકંદર** | ૨૬૮૩૪૦૨૦.૭૦ |

ઉપર મુજબના હિસાબો આજની સભામાં વંચાણે લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી. ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ખર્ચ દર્શાવેલ કામો અને ખરીદેલ માલસામાન ની ગ્રામ પંચાયત પલસાણા ને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૯૯ અનુસૂચિ-૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો. આવક અને થયેલ કામો તથા ખરીદેલ વસ્તુઓના પ્રમાણમાં ખર્ચ વ્યાજબી હોઇ આજની સભા પુખ્ત ચર્ચા પરામર્શના અંતે માહે નવેમ્બર - ૨૦૨૪ માસનો આવક ખર્ચના હિસાબો સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૫ ખર્ચના બિલોના વંચાણે લઇ બહાલી/મંજુરી આપવા બાબત
ઠરાવનં ૫ આજની સભામાં ગ્રામ પંચાયત પલસાણા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો તથા ખરીદ કરેલ માલ સામાન તથા સફાઇ કામગીરી તથા રીપેરીંગના કામો, જેસીબી/ટ્રેકટરનું કામ, મેટલ રોડના કામો, ડામર રોડના કામો, પેવર બ્લોક/આર.સી.સી.રોડના કામો, ગટરલાઇનના કામો, પીવાના પાણીની નવી લાઇન નાંખવા તથા રીપેરીંગના કામો અને સ્ટ્રીટલાઇટ રીપેરીંગ અને નવી લાઇટોના કામો વિગરે,પેવરબ્લોક રીપેરીંગ કામ બીલોનું વિગતે વાંચન કરવામાં આવ્યું. તેમાં બતાવેલ ખર્ચ ગ્રામપંચાયત દ્વારા કરવામાં

આવેલ કામો અને ખરીદવામાં આવેલ માલસામાન તથા વિકાસ કામો માટેનો છે. જે દર્શાવેલ વિગતનો ખર્ચ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૯૯ ની અનુસુચિ ૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો અને થયેલ ખર્ચ કામના પ્રમાણમાં બરાબર છે. તથા કામો એકંદરે સંતોષકારક રીતે પૂર્ણ થયેલ છે. સબબ આ બાબતે પુખ્ત ચર્ચા વિચારણાના અંતે તમામ બિલો તથા અન્ય વહીવટી ખર્ચ તથા વિકાસ કામોના બીલો આજની સભામાં મંજૂર રાખી ચુકવણું કરવા તથા ખર્ચ થયેલ બીલોને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૬ સને ૨૦૨૫-૨૬ નું તાલુકા કક્ષાએથી અવલોકન થઇ આવેલ આવેલ અંદાજપત્ર ને છેવટની બહાલી આપવા બાબત

ઠરાવનં ૬ આજની સભામાં તાલુકા પંચાયત કચેરી પલસાણાના પત્ર નં તાપં/પંશા/ગ્રાપં/બજેટ/અવલોક્ન/૨૦૨૫-૨૬/વશી ૫૪૪૦/૨૦૨૪

તારીખ:૩૦/૧૨/૨૦૨૪ થી પલસાણા ગ્રામ પંચાયત તાલુકો: પલસાણા જીલ્લો: સુરતનું સને ૨૦૨૫-૨૦૨૬ માટેનું અંદાજપત્ર અવલોકન થઇ જરૂરી સુચના

સાથે પરત મળેલ છે. સદર સુચનાઓ આજની સભામાં વંચાણે લેવામાં આવી. સદર સુચનાઓ અને સુચવાયેલ સુધારા મુજબ આજની સભા આગામી

વર્ષ સને ૨૦૨૫-૨૬ માટે વહીવટ કરવા માટે અંતિમ બહાલી આપવાનું સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૭ રમત ગમત ના સાધનો અંગેના ભાવપત્રક મંજુર કરવા બાબત

ઠરાવનં ૭ આજની સભામાં તારીખ ૩૦/૧૨/૨૦૨૪ ની સામાન્ય સભાના ઠરાવનં ૭(૧) થી ધોબીની મિલ વિસ્તારમાં રમત ગમત ના સાધનો મુકવા માટે મંગાવેલ ભાવપત્રક મંજુર કરવા બાબતે ચર્ચા કરવામાં આવી. જે મુજબ ધોબીની મિલ વિસ્તારમાં રમત ગમત ના સાધનો મુકવા માટે નીચે મુજબના ભાવપત્રકો આવેલા છે.

(૧) હર્ષલ એન્જીનયરીંગ વર્કસ

(૨)ઓમ એન્ટરપ્રાઇઝ

(૩)રોયલ પ્લે ઇક્વીપમેન્ટસ

ઉપરોક્ત એજન્સીમાંથી રોયલ પ્લે ઇક્વીપમેન્ટસ ના ભાવ સૌથી નીચા હોય આજની સભા રોયલ પ્લે ઇક્વીપમેન્ટસ ના ભાવપત્રક મંજુર કરવા સર્વાનુમતે ઠરાવે છે. તેમજ રોયલ પ્લે ઇક્વીપમેન્ટસ ને વર્ક ઓર્ડર આપવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૮ વિકાસ કામોની ચર્ચા કરવા બાબત

ઠરાવનં ૮ (૧) આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકંદરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.

(૧) પલસાણા ગામે મહાદેવ ફળિયામાં ઓમ કિરાણા સ્ટોરથી સતીષભાઈ શંકરભાઇ રાઠોડના ઘર તરફ જતાં ગટર લાઇનનું કામ.
(૨) પલસાણા ગામે મહાદેવ ફળિયામાં સતીષભાઈ શંકરભાઈ રાઠોડના ઘરથી મમતાબેન મંગુભાઈ રાઠોડના ઘર તરફ જતાં ગટર લાઈનનું કામ.
(૩) પલસાણા ગામે મહાદેવ ફળિયામાં મમતાબેન મંગુભાઈ રાઠોડના ઘરથી આઈ.ટી.આઈ. તરફ જતાં ગટર લાઇનનું કામ.
(૪) પલસાણા ગામે મહાદેવ ફળિયામાં રમીલાબેન ધીરુભાઈ ગામીતના ઘરથી સુરેશભાઈ શંકરભાઇ રાઠોડના ઘર તરફ જતાં બંને બાજુએ પાણીની લાઇનનું કામ.
(૫) પલસાણા ગામે મહાદેવ ફળિયામાં સુરેશભાઈ શંકરભાઇ રાઠોડના ઘરથી આઈ.ટી.આઈ. તરફ જતાં બંને બાજુએ પાણીની લાઇનનું કામ.
(૬) પલસાણા ગામે હાઇવેની બાજુમાં આવેલ કબ્રસ્તાનમાં પેવર બ્લોક નુંકામ (ખૂટતી કડી)
(૭) લીમડા ચોક પર પહેલા માળ પર દુકાન નં ૧ અને ૨ બનાવવાનું કામ
(૮) લીમડા ચોક પર પહેલા માળ પર દુકાન નં ૩ અને ૪ બનાવવાનું કામ
(૯) લીમડા ચોક પર પહેલા માળ પર દુકાન નં ૫ અને ૬ બનાવવાનું કામ
(૧૦) લીમડા ચોક પર પહેલા માળ પર દુકાન નં ૭ બનાવવાનું કામ
(૧૧) લીમડા ચોક પાસે દાદર બનનાવવાનું કામ.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

(૨) આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકંદરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.

(૧) પલસાણા ગામે પાળા ફળીયા આંગણવાડી મા ખુટતી સુવિધા નું કામ
(૨) પલસાણા ગામે વ્યાસ ફળીયા આંગણવાડી મા ખુટતી સુવિધા નું કામ
(૩) પલસાણા ગામે તાડ ફળીયા આંગણવાડી મા ખુટતી સુવિધા નું કામ
(૪) પલસાણા ગામે સદગુરુ ફળીયા આંગણવાડી મા ખુટતી સુવિધા નું કામ
(૫) પલસાણા ગામે ચંદ્રનગર ફળીયા આંગણવાડી મા ખુટતી સુવિધા નું કામ
(૬) પલસાણા ગામે મહાદેવ ફળીયા આંગણવાડી મા ખુટતી સુવિધા નું કામ
(૭) પલસાણા ગામે લીમડા ચોક ગ્રાઉન્ડ ફ્લોર પર ફ્લોરીંગ કરવાનું કામ
(૮) પલસાણા ગામે લીમડા ચોક પહેલા માળ પર ફ્લોરીંગ કરવાનું કામ
(૯) પલસાણા ગામે લીમડા ચોક ગ્રાઉન્ડ ફ્લોર પર કલર કરવાનું કામ
(૧૦) પલસાણા ગામે લીમડા ચોક પહેલા માળ પર કલર કરવાનું કામ
(૧૧) પલસાણા ગામે લીમડા ચોક પર આવેલ બિલ્ડીંગમા રસ્ટીક કરવાનું કામ
(૧૨) પલસાણા ગામે લીમડા ચોક પર આવેલ બિલ્ડીંગમા વોટર પ્રૂફીંગ કરવાનું કામ
(૧૩) પલસાણા ગામે નવા આરોગ્ય કેન્દ્ર ઉપર નવો હોલ બનાવવાનું કામ

(૧૪) પલસાણા ગામે નવા આરોગ્ય કેન્દ્ર ઉપર નવા હોલમાં ફ્લોરીંગ તથા બાથરૂમ બનાવવાનું કામ
(૧૫) પલસાણા ગામે નવા આરોગ્ય કેન્દ્ર ઉપર નવા હોલમાં કલર તથા ખુટતી સુવિધા પુરી પાડવાનું કામ

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૯ પ્રમુખ સ્થાનેથી રજૂ થતા કામો બાબત.
ઠરાવનં ૯ આજની સભામાં પ્રમુખ સ્થાનેથી કોઈ કામો રજુ કરવામાં આવેલ નથી. જેની આજની સભાએ નોંધ લીધેલ છે. .

આમ, ઉપરોક્ત કાર્યવાહી મુજબ એજન્ડા મુજબના કામો પૂર્ણ થતા હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

નકલ રવાના:-
(૧) પ્રતિ,
સરપંચશ્રી, ઉપસરપંચશ્રી અને સભ્યશ્રીઓ તમામ
ગ્રામ પંચાયત પલસાણા, તા.પલસાણા તરફ
૨/- જાણ થવા સારૂં

નકલ સવિનય રવાના:-
(૧) પ્રતિ,
મહે. તાલુકા વિકાસ અધિકારી સાહેબ,
તાલુકા પંચાયત કચેરી પલસાણા તરફ
૨/- જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.